અપીલ અરજી નં.૭૯ તા.૯–૫ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૮–૪–૧૧ ની અરજીથી લંબે હનુમાનરોડથી બોમ્બે માર્કેટ જવાના રસ્તા પર આવેલ દલિત વસાહત સેવા સંઘ ઝુંપડપટ્ટીનું હાલમાં ડીમોલીશન થવાનુ છે જેથી જે ઝુંપડાઓનું બાયોમેટ્રીકસ સર્વે થયેલ છે એમને મકાન મળવાના છે જ. પરંતુ કેટલાક ઝુંપડા બાયોમેટ્રીકસ સર્વે બહારના છે રહી ગયા છે એમના માટે સુમપાએ કઈ નિતી નકકી કરેલ છે તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૯–૫–૧૧ ની **SMC/FAP/** નં.૭૯/૨૦૧૧–૧૨

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૮–૪–૧૧ ની અરજીથી લંબે હનુમાનરોડથી બોમ્બે માર્કેટ જવાના રસ્તા પર આવેલ દલિત વસાહત સેવા સંઘ ઝુંપડપટ્ટીનું હાલમાં ડીમોલીશન થવાનુ છે જેથી જે ઝુંપડાઓનું બાયોમેટ્રીકસ સર્વે થયેલ છે એમને મકાન મળવાના છે જ. પરંતુ કેટલાક ઝુંપડા બાયોમેટ્રીકસ સર્વે બહારના છે રહી ગયા છે એમના માટે સુમપાએ કઈ નિતી નકકી કરેલ છે તેની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૯–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે નિતીની વિગતો રજૂ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૪૫ તા.૨૪–૫–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગે ઈ.ઝેડ/આરટીઆઈ/૨૧ તા. ૧૦–૫–૧૧ થી માહિતી પૂરી પાડેલ તેની નકલ અત્રે રજૂ કરેલ છે.

અરજદારની તા.૮–૪–૧૧ ની અરજીથી દલિત વસાહત ઝુંપડપટ્ટીની બાયોમેટ્રીક સર્વે કરવામાં આવે ત્યારે રહીગયેલા અંગે સુરત મહાનગરપાલિકાની નીતિ અંગેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) લંબે હનુમાનરોડથી બોમ્બે માર્કેટ જવાના રસ્તા પર આવેલ દલિત વસાહત સેવા સંઘ ઝુંપડપટ્ટીનું હાલમાં ડીમોલીશન થવાનુ છે જેથી જે ઝુંપડાઓનું બાયોમેટ્રીકસ સર્વે થયેલ છે એમને મકાન મળવાના છે જ. પરંતુ કેટલાક ઝુંપડા બાયોમેટ્રીકસ સર્વે બહારના છે રહી ગયા છે એમના માટે સુમપાએ કઈ નિતી નકકી કરેલ છે તેની માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર ઝુંપડપટ્ટીના સ્થળાંતરની કાર્યવાહી સુરત મહાનગપાલિકાન સ્થા..સ.ઠ. નં.૧૮૩૮/૦૭ તા.૨૮–૧૨–૦૭ તથા સ્થા.સ.ઠ. ૮૧૪/૦૯ તા.૨–૭–૦૯ મંજુરી થયેલ નીતિ અનુસાર હાથ ધરવામાં આવેલ છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) દલિત વસાહતમાં ઘણા લોકો એવા છે કે વર્ષોથી ત્યા રહે છે તેમની પાસે બધા પુરાવા છે પરંતુ એકના ઝુંપડાઓનું બાયોમેટ્રીક સર્વે થયેલ નથી? એનું ઝુંપડું તોડીને એમને બેઘર કરવાના છો એની માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ વિગતનો સમાવેશ (માહિતી) ની વ્યાખ્યામાં થતો નથી. તેવું જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. વધુમાં એ પણ સૂચક છે કે અરજદારે કોઈ ચોકકસ વિગતો, સ્થળ, સ્થિતિ આપ્યા વિના સંદિગ્ધ રીતે ધારણા આધારિત વિગતો માંગેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૮–૦૪–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી વિષેશ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૬–૨૦૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ,